# પ્રાંતિજ નવા બાકરપુર ખાતે કલા ઉત્સવ અને વાર્તા સ્પર્ધા યોજાઈ

પ્રાંતિજ તા.૨૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના નવા બાકરપુર ખાતે આવેલ નવા બાકરપુર પ્રાથમિક શાળા ખાતે G20 અંતર્ગત પ્રાંતિજ-૨ કલસ્ટર કક્ષાનો કલા ઉત્સવ અને વાર્તા સ્પર્ધા સહિત નો કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ના નવા બાકરપુર ખાતે આવેલ નવા બાકરપુર પ્રાથમિક શાળા માં ૨૨૦ અંતર્ગત પ્રાંતિજ-૨ કલસ્ટર કક્ષાનો કલા ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમા શાળાના આચાર્ય તપેન્દ્રભાઈ રાવલ તથા પ્રાંતિજ-૨ કલસ્ટર સીઆરસી કો.ઓડિનેટર પિયુષ કુમાર એમ.મકવાણા દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો આ કલા મહોત્સવ મા કલસ્ટર ના તમામ શાળા ના બાળકો એટલે કે ૧૦થી ૧૨ જેટલી શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા , સંગીત સ્પર્ધા , વાતા લેખન અને વાતા કથન સ્પર્ધા વગેરે સ્પર્ધાઓમા ભાગલીધો હતો કલસ્ટર કક્ષના આ કલા મહોત્સવ માં પ્રાંતિજ બીટના બીટ કેળવણી નિરીક્ષક ડાં.કિશનસિંહ પરમાર તથા સોનાસણ બીટના બીટ કેળવણી નિરીક્ષક નરેશભાઇ સોલંકી એ શાળા ખાતે મુલાકાત લઈ સ્પર્ધાઓમા ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા તો ભાગ લેનાર તમામે-તમામ બાળકો તથા વિજેતા થયેલ બાળકોને સર્ટીફિકેટ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો નવા બાકરપુર પ્રાથમિક શાળા દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.



## વરસાદ થંભ્યા પછી ફરી બફારાનું આક્રમણ

# જિલ્લાના ૮ જળાશયોમાં ધીમી પાણીની આવક : ૧૨ પૈકી ૩ જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહીત

બાયડ, તા.૨૭
પાછલા ૩૬ કલાકથી જિલ્લાના કુલ-૧૨ જળાશયો પૈકી ૩ જળાશયોમાં ૫૦ ટકાથી વધુ

**જિલ્લામાં જળાશયોમાં પાણીની સ્થિતિ**

| જળાશય | આવક (ક્યુસેક) | પાણીનો જથ્થો (ટકામાં) |
|---|---|---|
| વાત્રક | ૦૦ | ૪૯.૬૭ |
| ગુહાઈ | ૦૦ | ૫૩.૨૮ |
| માઝૂમ | ૦૦ | ૨૬.૫૨ |
| હાથમતી | ૫૦૦ | ૪૨.૯૭ |
| લાંક ૭૫ | ૩૩.૮૯ | |
| જવાનપુરા | ૧૪૮ | ૬.૪૨ |
| હરણાવ | ૦૦ | ૬૦.૦૮ |
| મેશ્વો ૧૩૨૦ | ૪૫.૩૧ | |
| વૈડી ૫૦ | ૪૩.૯૫ | |
| ખેડવા | ૫૦ | ૫૬.૨૮ |
| વરાંસી | ૫૦૦ | ૩૪.૧૬ |
| ગોરઠીયા | ૨૦૦ | ૨૫.૩૦ |

જિલ્લામાં વરસાદ થંભ્યા પછી ફરી બફારાનું આક્રમણ શરુ થયું છે પરંતુ ૮ જળાશયોમાં પાણીની ધીમી આવક નોંધાઈ રહી છે. પાણી સંગ્રહીત થયું છે. જિલ્લાના હરણાવ જળાશયમાં સર્વાધિક ૬૦ ટકા પાણીનો જથ્થો સંગ્રહીત થયાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં અનરાધાર વરસાદ પછી પણ જળાશયો સંપૂર્ણપણે છલકાઈ જાય તેવી નોંધપાત્ર આવક હજુ શરુ થઈ નથી. હજુ પણ જિલ્લો વરસાદી પાણીના કારણે જળાશયો છલકાઈ જાય તે રીતે આત્મનિર્ભર બન્યો નથી. રાજસ્થાનમાં ભારે વરસાદ વરસે પછી જ જિલ્લાના જળાશયોમાં પાણીની ધીંગી આવક શરુ થતી હોય છે. આ વર્ષે પણ જિલ્લામાં સરેરાશ ૧૨ થી ૨૬ ઈંચ વરસાદ વરસ્યા પછી પણ જુલાઈ મહિનાની પૂર્ણાહૂતિ આવી છતાં જળાશયોમાં પાણીની ધારણા પ્રમાણેની આવક નોંધાઈ નથી. આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી છે ત્યારે ખાસ કરીને ખેડૂતો જિલ્લા કરતાંય રાજસ્થાનમાં ધોધમાર વરસાદ વરસે અને જિલ્લાના જળાશયો જળમગ્ન બની જાય તેની રાહ જોઈને બેઠા છે.



# ડીસાની આદર્શ હાઈસ્કુલ ખાતે ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓને શ્રદ્ધાંજલિ

ડીસા, તા. ૨૭
ડીસાની આદર્શ હાઈસ્કુલ ખાતે નૈતિક મૂલ્ય દ્વારા રાષ્ટ્ર નિર્માણના ધ્યેય સાથે રાષ્ટ્રભક્તિ જાગરણ અન્વયે તથા રાષ્ટ્ર માટે સર્વસ્વ અર્પણ કરનાર અને રાષ્ટ્રભક્તિનું સર્વોચ્ચ સન્માન જેઓને પ્રાપ્ત થયેલ છે એવા ૨૧ પરમવીર ચક્ર વિજેતા દેશભકતોને શ્રદ્ધાંજલિ આપવાના ભાગરૂપે પરમવીર વંદન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર વરુણકુમાર બરનવાલ, જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા, જિલ્લા શિક્ષણ અધિકારી નરેન્દ્રસિંહ ચાવડા, એનસીસી- ૩૫ ગુજરાત બટાલિયનના નાયબ સુબેદાર સંજયકુમાર સહિત શાળાના સંચાલકો અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પરમવીર ચક્ર વિજેતાઓ સહિત જવાનો સરહદ પર કઈ રીતે આપણી રક્ષા કરે છે, શિયાળો હોય ઉનાળો હોય કે ચોમાસુ ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેઓ ચટ્ટાનની જેમ ઊભા રહી આક્રમણખોરોથી આપણું રક્ષણ કરે છે તે તમામ પરિસ્થિતિઓને દર્શાવતું નાટક પણ ભજવવામાં આવ્યું હતું. અને દેશવાસીઓની રક્ષા કરતા કરતા જવાન જ્યારે શહીદ થાય છે ત્યારે તેને કઈ રીતે સન્માન આપવામાં આવે છે તે માહોલ જોઈ લોકોની આંખમાંથી આંસુ સરી પડ્યા હતા.

એનસીસી ૩૫ ગુજરાત બટાલિયનના સુબેદાર સંજયકુમારે જણાવ્યું હતું કે પરમવીર વંદન કાર્યક્રમ નિહાળી તેમને ખૂબ જ ખુશી થઈ છે અને આવા કાર્યક્રમોથી દેશની રક્ષા કરતા જવાનોને પણ પ્રેરણા મળે છે અને તેમને પણ ખુશી થાય છે કે તેમના માટે આટલા સરસ કાર્યક્રમ કરી લોકો તેમને યાદ કરી સન્માન આપે છે



પશ્ચિમ ક્ષેત્ર પ્રભારી નારાયણ મેઘાણીએ જણાવ્યું હતું કે તેમની સંસ્થા દ્વારા બાળકોમાં નાનપણથી જ સ્વચ્છતા,ટ્રાફીકના નિયમોનું પાલન, મહિલાઓ પ્રત્યે સન્માન, દેશભક્તિ અને માતા પિતાના આદર માટે બાળકોને પ્રેરણા મળે તેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. નાટક ભજવનાર રેશા દેસાઈએ જણાવ્યું હતું કે તે નાટક ભજવતા ભજવતા રડી પડી હતી તો દેશ માટે શહીદ થતા વીર જવાનો અને તેમના પરિવારની પરિસ્થિતિ શું થતી હશે તે જાણી શકાય છે માટે તમામ લોકોએ જવાનોનું સન્માન કરવું જોઈએ.

# પ્રાંતિજ તથા તાલુકામાં મા દશામાની મૂર્તિઓનું વાજતે-ગાજતે વિસર્જન કરાયું





પ્રાંતિજ તા.૨૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના દશ દિવસ ના વ્રત બાદ છેલ્લા દિવસે જાગરણ કરી વાજતેગાજતે મા દશામાની મૂર્તિ ઓનુ વિસર્જન પ્રાંતિજ સહિત તાલુકામાં ઠેરઠેર કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના વ્રત કરતી મહિલાઓ દ્વારા મા દશામાની મૂર્તિ નું દશ દિવસ માટે પોતાના ધરે સ્થાપણ કરી દશ દિવસ ઉપાસ કરી સવાર સાંજ માંની આરતી ઉતારી માને ભાવતાં ભોજન સહિત પ્રસાદ અર્પણ કરી માને રીઝવતા હોયછે અને માંના આશીર્વાદ લેતા હોયછે જયારે દશમાં દિવસે આખીરાત જાગરણ કરી વહેલી સવારે મા દશામાની મૂર્તિ નું તળાવ કે નદીમાં પધરામણી કરી વ્રત નું સમાપન કરેછે ત્યારે પ્રાંતિજ સહિત પંથક માં ઠેરઠેર તળાવ બોખ નદીમાં મા દશામાની મૂર્તિ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતાં જેમાં પ્રાંતિજ ખાતે પણ મા દશામાના મંદિર પાસે આવેલ બોખમાં મા દશામાની મૂર્તિઓની પધરામણી કરવામાં આવીહતી જયારે મંદિર ના વિશાળ ચોકમાં મહિલાઓ દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી જયારે મા દશામાના મંદિર ના વ્યવસ્થા સ્થાપક નિત્યાનંદ ભાઈ દ્વારા મૂર્તિ વિસર્જન માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવીહતી ત્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા પણ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેમાટે પુરતો પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

## ચોમાસામાં માનવીની સાથે હવે પશુઓ પણ બિમારીના સકંજામાં

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પશુઓમાં એફીમેરલ ફીવર(તાવ)ના લક્ષણો : ૩ દિવસ સુધી તાવમાં ધગધગતાં પશુ

બાયડ, તા.૨૭
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ પછી વાયરલ બિમારીઓએ માથું ઉંચકતાં હજારો લોકો શરદી, ઉધરસ અને તાવમાં પટકાયા પછી હવે પશુઓ પણ બિમારીના સકંજામાં આવી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારના પશુઓમાં હમણાંથી એફીમેરલ ફીવર (સીઝનલ તાવ)ના લક્ષણો વધ્યાં છે જેમાં ૩ દિવસ સુધી પશુઓ તાવમાં ધગધગતાં હોવાથી પશુપાલકોને વેટેનરી ડૉકટરો બોલાવી પશુઓની સારવાર કરાવવાની ફરજ પડી રહી છે.

દર વર્ષે ચોમાસાની સીઝનમાં વાયરલ બિમારીઓનું સંક્રમણ વધી જતું હોવાથી ખાનગી દવાખાના અને સરકારી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાતી હોય છે. આ વર્ષે પણ આરોગ્ય વિભાગે અગમચેતી રાખી મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં રાખવાના પ્રયાસ કર્યા છતાં ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળો માથું ઉંચકી રહ્યો છે. ચોમાસાની ઋતુમાં બિમારીનું વાવાઝોડું ફૂંકાતાં હજારો લોકો વાયરલ બિમારીની ઝપેટમાં આવ્યા છે અને હવે મૂંગા પશુઓમાં પણ બિમારીનાં લક્ષણો વધવા લાગ્યાં જેમાં ગાય તેમજ ભેંસ સહિતના દૂધાળા પ્રાણીઓમાં એફીમેરલ ફીવરના લક્ષણો વધુ જોવા મળી રહ્યાં છે. જેમાં પશુને સખત તાવ રહેતો હોય છે. ક્યારેક ૨૪ કલાકમાં તાવ ચડ-ઉતર પણ કરતો હોય છે. જ્યારે આ તાવના સકંજામાં આવેલા પશુઓમાં પગ ઝકળાઈ જવા, પશુના સાંધાઓમાં સોજો આવવો, પશુને ચાલવામાં મુશ્કેલી પડવી સહિતના લક્ષણો જોવા મળ્યાં છે. તાવમાં પટકાયેલા પશુઓને સતત ૩ દિવસ સુધી સખત તાવ રહેતો હોવાથી દૂધ ઉત્પાદન શક્તિ પણ બિમાર પશુઓની ઘટવા લાગી છે. જિલ્લામાં છેલ્લા ૨-૩ દિવસથી દૂધાળા પશુઓમાં અને તેમાંય ખાસ કરીને એ ચ . એ ફ . ગ ા ય ો મ ાં એફીમેરલના લક્ષણો વધુ જોવા મળતાં પશુપાલકો વેટેનરી ડૉકટરોની વિઝીટ બોલાવી પશુઓની સારવાર કરાવવાની ફરજ પડી રહી છે. દર વર્ષે ચોમાસામાં પશુઓમાં દેખાતો આ તાવ આમ તો સામાન્ય છે. જેમાં પશુ ચિકિત્સકોનું માનીએ તો દેશી ભાષામાં આ બિમારીને વલા તરીકે ઓળખવામાં આવે છે. એફીમેરલ મચ્છર તેમજ હવાથી પણ ફેલાતો હોવાથી પશુપાલકોએ બિમાર પશુની સારવાર કરાવવાની સાથે પશુના તબેલાઓમાં સ્વચ્છતા રાખવા માટે તેમજ મચ્છરોનો નાશ કરવા માટે સલાહ આપવામાં આવી રહી છે.

**ચોમાસામાં પશુઓમાં સીઝનલ ફ્લુ - નાયબ પશુપાલન નિયામક**

ચોમાસામાં દૂધાળા પશુઓમાં તાવના લક્ષણો વધી રહ્યાં છે ત્યારે અરવલ્લી ઈન્ચાર્જ નાયબ પશુપાલન નિયામક લલીત મગરવાડીયાએ જણાવ્યું હતું કે ચોમાસામાં પશુઓમાં તાવનાં લક્ષણો જોવા મળ્યાં જે સીઝનલ ફ્લુ છે. ૩ દિવસમાં પશુઓની સારવાર કરાવવાથી પશુ બિમારી મુક્ત થઈ જતું હોય છે. એફીમેરલ પશુઓમાં આ સીઝનમાં જોવા મળવો સામાન્ય છે તેમ જણાવ્યું હતું.

# માથુર વૈશ્ય (ગુપ્તા) સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો...

પાલનપુર તા.૨૭
પાલનપુર માથુર વૈશ્ય(ગુપ્તા) સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પાલનપુરના ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકરે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો મંગલ શુભારંભ કરાવ્યો હતો. માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા આયોજીત આ બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૨૨૯ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અ મ ા ર ા બ ન ા સ ક ાં ઠ ા જિ લ્લ ા ન ા સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

સમગ્ર ગુજરાતમાં હાલ ગુપ્તા સમાજ ના ૧૩૦૦ પરિવાર વસે છે. સમગ્ર ગુજરાતની તમામ શાખા સભાઓ દ્વારા પણ આ રક્તદાન કેમ્પ યોજાયેલ છે. જેમાં સમગ્ર ગુજરાત મંડલ દ્વારા ૬૯૯ વ્યકિતઓએ રક્તદાન કરી સમગ્ર ભારતની શાખા સભાઓમાં અવ્વલ રહી છે. આવી પ્રસંશનિય કામગીરી બદલ અન્ય રાજયોની શાખા સભાઓએ ગુજરાતમાં રહેતા લોકોની જાગૃતિ અને સેવાકિય બાબતને બિરદાવી હતી. અન્ય રાજયોમાં પાંચ-પાંચ હજાર જેટલા પરિવારો હોય એવા વિસ્તારમાં પણ એટલુ રક્તદાન થયેલ નથી. આ પ્રસંગે રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને બનાસ બ્લડ બેંક તરફથી, સરનભાઈ ગુપ્તા તરફથી એમ બે વિશેષ પ્રોત્સાહન ગિફ્ટ આપવામાં આવી હતી.



તદઉપરાંત, આ બ્લડ ડોનેશન કેમ્પમાં રકતદાન કરનાર મહિલા રક્તદાતાઓને માથુર વૈશ્ય (ગુપ્તા) સમાજ ગુજરાત મંડલ અધ્યક્ષ અને પાલનપુરના સેવાભાવી તબીબ ડો. સુરેન્દ્ર ગુપ્તા તરફથી એક ગિફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

ગુપ્તા સમાજની વાડી ખાતે યોજાયેલ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માથુર વૈશ્ય ગુપ્તા સમાજ ગુજરાત મંડલના મહામંત્રી નયન ગુપ્તા, માથુર વૈશ્ય પાલનપુર શાખા સભાના પ્રમુખ બીપીન ભાઈ ગુપ્તા, મંત્રી રાકેશભાઈ ગુપ્તા, બ્લડ ડોનેશન કેમ્પ સંયોજક સતિષ ભાઈ ગુપ્તા, સરનભાઈ ગુપ્તા, માથુર વૈશ્ય મહિલા મંડળ ની ટીમ, યુવાદલની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# ટોકરીયામાં ગ્રામ પંચાયતના પટાંગણમાં વૃક્ષો કાપવામાં હરાજીમાં ભાગ લેનારે મંજૂરી કરતા વધુ વૃક્ષો કાપતા લોક ફરિયાદ

પાલનપુર તા.૨૭
એક બાજુ રાજ્ય સરકાર વૃક્ષો વાવો અને ઉછેરવા લાખો કરોડો રૂપિયાનો ખર્ચો કરે છે જયારે તેની બીજી બાજુ લાકડાના ધંધામાં સંકળાયેલા માફીયાઓ રાત દિવસ વૃક્ષોનું નિકંદન વન વિભાગના છૂપા આશીર્વાદ થી બિન્દાસ પણે કાઢી રહ્યા છે.



પાલનપુર તાલુકાના ટોકરીયા ગામમાં બનવા પામ્યો છે. સ્થાનિક ગ્રામ પંચાયતના પટાંગણમાં આવેલા અનેક વૃક્ષો પૈકી માત્ર પાંચ નડતરરૂપ વૃક્ષ કાપવા પંચાયતના સૂત્રધારો દ્વારા જાહેર હરાજી કરવામાં આવેલી. તેમાં ભાગ લેનાર ઈસમે મંજૂરી કરતા વધારે વૃક્ષોનું કોના છુપા આશીર્વાદ થી બિન્દાસ પણે નિકંદન કાઢી નાખતા સમગ્ર ગામમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આમ જરૂર કરતાં વધારે વૃક્ષો કાપી આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, મંજૂરી કરતા વધુ ઝાડ કાપી ? નાખનાર હરાજીમાં ભાગ લેનાર છાપીની રાજ સો મીલ વાળા અને જેને હરાજી મેળવીને વૃક્ષો કાપ્યા છે મંજૂરી કરતા વધારે વૃક્ષો કાપી નાખતા સ્થાનિક જાગૃત નાગરિકે મામલતદાર સમક્ષ તેની વિરુદ્ધ લેખિત ફરિયાદ આપતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# તાત્કાલિક અસરથી સર્વિસ રોડ બનાવવા માટે રજૂઆત

તલોદ, તા.૨૭
તલોદ મોડાસા રોડ પર આવેલ રેલવે ફાટક પાસે ઓવરબ્રિજ ની બજુ માં સર્વિસ રોડ બનાવવા માટે કોન્ટ્રાકટર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવતા તલોદ માર્કેટ યાર્ડ વેપારી એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટર દ્વારા તલોદ ખાતે યોજાયેલ સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ મા રજૂઆત કરી તાત્કાલિક અસરથી સર્વિસ રોડ બનાવવા માટે રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે. તલોદ મોડાસા રોડ પર આવેલરેલવે ફાટક પાસે ૪૪ કરોડ રૂપિયા ના ખર્ચે રેલવે ઓવબ્રિજ ના બાંધકામની કામગીરી છેલ્લા એક વર્ષ થી કાર્યરત છે રેલવે ઓવરબ્રિજ ની બને બાજુ નગરજનો ની અવરજવર માટે સર્વિસ રોડ બનાવવાની જોગવાઈ હોવા છતાં કોન્ટ્રાકટર દ્વારા એક યા બીજા કારણસર સર્વિસ રોડ બનાવવા માટે ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા સર્વિસ રોડ બનાવવા માટે તલોદ મોડાસા રોડ પર આવેલ દુકાનદારો દ્વારા પણ જિલ્લા કલેકટર ને રૂબરૂ મળી આવેદન અપાયું હતું જેના સંદર્ભે જિલ્લા કલેકટર દ્વારા મામલતદાર અને તલોદ નગર પાલિકા ના ચીફ ઓફિસર ને ગત ૧૬ જૂન ના રોજ હુકમ કર્યો હતો તે હુકમ ને પણ કોન્ટ્રાકટર ઘોળી ને પી ગયા હતા ત્યારબાદ સર્વિસ રોડ ન બનાવવાના લીધે તલોદ ના નગરજનો ને પડતી તકલીફ તેમજ તલોદ માર્કેટ યાર્ડ માં અનાજ વેચવા માટે આવતા ખેડૂતો ને પડતી હાલાકી માટે તલોદ નગરપાલિકા ના ઉપપ્રમુખ ઋતુલ પટેલ અને અન્ય આગેવાનો દ્વારા ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર સમક્ષ રજૂઆત કરી હતી આ બાબતે ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમારે કોન્ટ્રાકટર ને બોલાવી સર્વિસ રોડ બનાવવા માટે સૂચના આપતા કોન્ટ્રાકટર દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે સર્વિસ રોડ બનાવવા માટે રોડ પર ના દબાણો દુર થાય તો એક અઠવાડિયા માં જ સર્વિસ રોડ બનાવી દેવાની ખાત્રી આપી હતી જેથી ધારાસભ્ય દ્વારા માર્ગ અને મકાન વિભાગ ના અધિકારી ઓ ને માર્ગ પર નડતર રૂપ દબાણો દુર કરવા માટે ૮૬ જેટલા દુકાનદારો ને ત્રણ દિવસ ની નોટિસ આપી દબાણો દુર કરવા માટે તાકીદ કરી હતી જેના અનુસંધાને કેટલાક દુકાન દારો એ સ્વયંભૂ દબાણ હટાવી દીધા હતા અને નોટિસ પીરીયડ પૂર્ણ થતાં માર્ગ અને મકાન વિભાગ ના અધિકારી, નગરપાલિકા તેમજ તલોદ મામલતદાર દ્વારા સુયુક્ત રીતે દબાણો દુર કરી નાંખ્યાં હતાં દબાણ હટાવી દીધે પણ એક સપ્તાહ ઉપરાંત નો સમય પૂર્ણ થયો હોવા છતાં કોન્ટ્રાકટર દ્વારા સર્વિસ રોડ બનાવવા માટે કોઈ કામગીરી ન કરતા તલોદ માર્કેટ યાર્ડ વેપારી એસોસિએશન દ્વારા આજરોજ તલોદ ખાતે યોજાયેલ સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ મા સર્વિસ રોડ બનાવવા માટે પુનઃ રજૂઆત કરી હતી જો કે આ રજૂઆત કેટલી અસરકારક નીવડશે એ તો આવનારો સમય જ બતાવશે.




# ધાનેરામાં રેલ્વે ઓવરબ્રીજ પાસે યોગ્ય સર્વિસ રોડ બનાવવા લોકોની માંગ

## પ્રજા રાહ જોઈ રહી છે કે આપણા ધારાસભ્ય ક્યારે સર્વિસ રોડ ચાલુ કરાવે?

ધાનેરા તા.૨૭
ધાનેરા માં રેલ્વે ઓવરબ્રીજનું નિર્માણ કાર્ય પૂર્ણ થયા ને એક વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં આજ દિન સુધી સર્વિસ રોડ યોગ્ય અવસ્થામાં નહીં હોવાથી વિદ્યાર્થીઓને તેમજ રાહદારી-વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જો ગમે ત્યારે કોઈ વિદ્યાર્થી અકસ્માતનો ભોગ બનશે તો એ જવાબદારી કોની રહેશે ?

કેમકે આ અંગે વારંવાર ઉચ્ચ કક્ષાએ સર્વિસ રોડ યોગ્ય રીતે બનાવવા માટે રજૂઆત કરવામાં આવી છે કારણ કે આ વિસ્તારમાં સ્કુલો તેમજ અનેક રહેણાંક વિસ્તારો આવેલ છે. વિદ્યાર્થીઓ અને લોકોને પગપાળા અને વાહન લઈને પસાર થવામાં પણ ભારે તકલીફ પડી રહી છે કારણ કે યોગ્ય સર્વિસ રોડ બનાવવામાં આવ્યો નથી હાલનો સર્વિસ રોડ અણઘડ રીતે બનાવેલ છે અને પથ્થરો નાંખી દેવાયા હોવાથી વાહનોને નુક્સાન થઈ રહ્યું છે



આ બ્રીજ નિર્માણ કાર્ય પૂર્ણ થયા ને પણ એક વર્ષ થવા આવ્યો છે છતાં આજ દિન સુધી સર્વિસ રોડ બનાવવામાં આવ્યો નથી કારણે ધૂળ-માટી ઊડે છે અને નજીકના રહેવાસીઓને તેના પ્રદૂષણનો ભોગ બનવું પડી રહ્યું છે આથી પુલની બાજુમાં યોગ્ય સર્વિસ રોડ બનાવવામાં આવે અને સર્વિસ રોડ માટે યોગ્ય નિર્ણય લેવાય તે પણ જરૂરી છે.